ખાંધા અને કુરેઈ ગામ વચ્ચેના નાળા પર ભારે વાહનો માટે પ્રતિબંધ; 15 કિમીનો ફેરો વધતા જનરોષ

## કરજણ-ઉમજ રોડ પર નર્મદા કેનાલનું નાળું જર્જરિત

**તંત્ર દ્વારા** ડાયવર્જન અપાતા 20 ગામના લોકો અને વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં





(પ્રતિનિધિ) વડોદરા, તા.1

કરજણ તાલુકાના કરજણ નગરથી ઉમજ ગામને જોડતા મુખ્ય સ્ટેટ હાઈવે પર ખાંધા અને કુરેઈ ગામ વચ્ચે આવેલ નર્મદા કેનાલ પરનું નાળું અત્યંત જરજરીત થઈ ગયું છે. સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા આ નાળા પરથી ભારે વાહનોની અવરજવર પર અચાનક પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે અને ટ્રાફિકને અન્ય ગ્રામ્ય માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જોકે, આ નિર્ણયને કારણે સ્થાનિક 20 જેટલા ગામોના લોકો, નોકરીયાતો અને ખાસ કરીને વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

તંત્ર દ્વારા કેનાલ પાસે જ ડાયવર્જન આપવાને બદલે ટ્રાફિકને કરમડી અને પીગિળવાળા તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. જેના કારણે વાહનચાલકોને અંદાજે 15 કિલોમીટર જેટલો લાંબો ફેરો કરવો પડી રહ્યો છે. જે રસ્તાઓ પર ડાયવર્જન આપવામાં આવ્યું છે તે અત્યંત સાંકડા સિંગલ પટ્ટીના અને જરજરીત હાલતમાં છે, જેના પરથી મોટા વાહનો કે એસ.ટી. બસો પસાર કરવી જોખમી બની ગઈ છે.

આગામી દિવસોમાં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે ત્યારે એસ.ટી. બસોના રૂટ બંધ થતા વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. જો તંત્ર વહેલી તકે યોગ્ય વ્યવસ્થા નહીં કરે તો વિદ્યાર્થીઓને મોંઘા ભાડા ખર્ચીને ખાનગી વાહનોમાં શાળાએ પહોંચવું પડશે અથવા પરીક્ષા બગડવાની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોનો આક્ષેપ છે કે નર્મદા વિભાગ દ્વારા કોઈપણ આગોતરા સર્વે કે આયોજન વગર અચાનક બેરીકેટિંગ કરી દેવામાં આવ્યું છે.

લોક માંગ છે કે કેનાલની બાજુમાં જ કાચું ડાયવર્જન તૈયાર કરવામાં આવે જેથી એસ.ટી. બસ અને અન્ય વાહનો સરળતાથી પસાર થઈ શકે. આ અંગે સ્થાનિક સ્તરે રજૂઆતો પણ કરવામાં આવી છે. જો ચોમાસા પહેલા આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે.

## ભૂપિન તડવી પોલીસ પકડથી દૂર? શું આરોપીને બચાવવાનો પ્રયાસ?

(પ્રતિનિધિ) ડભોઇ, તા.1

ગુજરાત ના ગૃહમંત્રી હર્ષ ભાઈ સંઘવી જાહેર મા કહે છે કોઈ પણ ચમરબંધી ને છોડવા મા નહીં આવે ત્યારે ડભોઇ તાલુકાના કરનાળી-પીપળીયા વિસ્તારમાં ટ્રક ચાલકો પર થયેલા જીવલેણ હુમલાની ઘટનાએ હવે વધુ ગંભીર વળાંક લીધો છે. મુખ્ય આરોપી તરીકે નામ સામે આવેલા ભૂપિન તડવી હજી સુધી પોલીસ પકડથી દૂર હોવાને કારણે સ્થાનિક લોકોમાં અનેક શંકાઓ ઊભી થઈ રહી છે.

માહિતી મુજબ, આ કેસમાં સંડોવાયેલા ત્રણ આરોપીઓ પૈકી ભૂપિન તડવીને ગેરકાયદેસર રેતી ખનનનો મુખ્ય માફિયા માનવામાં આવે છે. છતાં ઘટના બન્યા બાદ અનેક દિવસો વીતી ગયા હોવા છતાં તે પોલીસની ધરપકડથી દૂર છે. જ્યારે અન્ય આરોપીઓ અંગે પોલીસ તપાસ ચાલી રહી હોવાનું કહેવામાં આવે છે, ત્યારે મુખ્ય સૂત્રધાર સુધી પોલીસ પહોંચવામાં નિષ્ફળ રહેતા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે ભૂપિન તડવીના પ્રભાવશાળી સંબંધો હોવાના કારણે તેને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોઈ શકે. ગેરકાયદેસર રેતી ખનનના ધંધામાં મોટું જાળું કાર્યરત હોવાની વાતો વચ્ચે પોલીસની ધીમી કામગીરી શંકાસ્પદ બની રહી છે.

કહે આ વિસ્તારમાં વર્ષોથી ચાલી રહેલા ગેરકાયદેસર ખનન અને ગેરકાયદે પ્રવૃત્તિ ઓ માં ભૂપિન તડવી ની ભૂમિકા અગ્રેસર રહ્યો છે અનેકવાર નાની નાની વાત મા મારામારી ના બનાવો ના કેસ પણ પોલીસ મા નોંધાયા છે આમ ભૂપિન તડવી નો પોલીસ સાથે સંબંધ સ્નેહ ભરી રહ્યા હોવાની ચર્ચા એ ચકચાર જગાવી છે જેની અનેક વખત ફરિયાદો કરવામાં આવી છે, પરંતુ કોઈ ઠોસ કાર્યવાહી ન થતાં માફિયાઓની હિંમત વધી ગઈ છે અને ફાટી ને આકાશે ગયા છે . તાજેતરની હુમલાની ઘટના એ વાતનો પુરાવો છે કે ગેરકાયદેસર તત્વો હવે ખુલે આમ દાદાગીરી પર ઉતરી આવ્યા છે.

## ક્વાંટ નગરમાં ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાના હસ્તે આર.સી.સી. રોડનૂ ખાતમૂહુર્ત

**આર.સી.સી.** રોડ ૮ કરોડ ના ખર્ચે બનનાર છે



(પ્રતિનિધિ) કવાટ, તા.1

કવાંટ નગરને જોડતો માર્ગ જે કવાંટ નસવાડી ચોકડી બાબા આંબેડકર સર્કલથી એ પી એમ સી માર્કેટ સુધી અને નસવાડી ચોકડી બાબા આંબેડકર સર્કલ થી મામલદાર કચેરી સૂધી નો રોડ જે ૧૪ મીટર પહોળો ડિવાઈડર અને સ્ટ્રીટ લાઈટો સાથે અંદાજિત ૮ કરોડ ના ખર્ચે આ રોડ બનનાર છે જેનું ખાતમૂહુર્ત ૧૩૮ પાવીજેતપુર વિધાનસભાના ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા અને પૂર્વ સાંસદ ગુજરાત ભાજપ ઉપાધ્યક્ષ ગીતાબેન રાઠવાના હસ્તે કરવામાં આવ્યું જેમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રણજીતભાઈ ભીલ તાલુકા પંચાયત ના કારોબારી સભ્ય પીન્ટુભાઈ રાઠવા કવાંટ તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ રાઠવા પદ્મશ્રી એવોર્ડ પરેશભાઈ રાઠવા કવાંટ ગ્રામ પંચાયત સરપંચ શીલાબેન રાઠવા ડેપ્યુટી સરપંચ સંદીપભાઈ પંચાલ સહિતના ગામ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા દ્વારા જણાવવામાં આવ્યું કે કવાંટથી મધ્યપ્રદેશને જોડતો રોડ જે પણ ૬૫ કરોડના ખર્ચે અને કવાંટથી નસવાડી ને જોડતો રોડ ૭૫ કરોડના ખર્ચે મંજૂર થઈ ગયેલ છે તેમજ કવાંટ તાલુકાના છેવાળા ના હાફેશ્વર થી નસવાડી તાલુકાને મોટીઝુડુલી ને જોડતો ડુંગરોની હારમાળા વચ્ચેના રસ્તાઓ પણ મંજૂર થઈ ગયેલા છે જે ટૂંક સમયમાં તેનું પણ ખાતમુરત કરવામાં આવશે.

વડોદરા ગ્રામ્ય LCB એ ગાડીનો પીછો કરી પકડ્યો

## વાઘોડિયાના ભાડોલ ખુર્દ ગામે પોલીસે વિદેશી દારૂ ઝડપી પાડ્યો

**પોલીસે** પીછો કરતા ગાડી મૂકી ફરાર



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.1

વડોદરા ગ્રામ્ય એલસીબી પોલીસે વાઘોડીયાના દત્તપુરા નિમેટા રોડ ઉપર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી ના આધારે એક કાળા કલરની ટાટા કંપનીની હેકસા ગાડી ભાડોલ ખુર્દ ગામ પાસેથી વિદેશી દારૂ ભરી પસાર થવાની છે જેગાડીમાં કલ્યાણપુરા ગામનો યુવરાજ ઠાકોર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વાઘોડીયા દતપુરા તરફથી ભરીને અલવા થઈ નીમેટા તરફ જનાર છે, જે બાતમી આધારે વોચમાં હતા તે દરમ્યાન બાતમી વાળી ગાડી દત્તપુરા તરફથી આવતા તેને રોકવાનો પ્રયત્ન કરતા પોલીસ ને જોઈ આરોપી ગાડી પુરપાટ ઝડપે ભગાડતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા આરોપી ભાડોલ ખુર્દ ગામના વળાંક પાસે વાહન રોડની સાઈડમાં બિનવારસી મુકી નાશી છૂટ્યો હતો.

અઢી વર્ષની વય ધરાવતી માદા દીપડીને મોઢાના ભાગે ગંભીર ઇજાઓ થઇ હતી

## બોડેલી - રાજપીપલા નેશનલ હાઈવે ઉપર પાણેજ ગામે વાહનની ટક્કરે દિપડાનું મોત

**ACF,** RFO, પંચોની ઉપસ્થિતિમાં અગ્નિદાહ અપાયો



(પ્રતિનિધિ) બોડેલી, તા.1

સોમવારે સવારના પાંચ વાગ્યાના સુમારે બોડેલી રાજપીપળા નેશનલ હાઈવે રોડ ઉપર અજાણ્યા વાહન ચાલકે વન્ય પ્રાણી દીપડા ને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જતા અંદાજે અઢી વર્ષની વય ધરાવતી માદા દીપડી ને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને દિપડીનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું . સમગ્ર બનાવવાની જાણ જીવ દયા પ્રેમી એવા એક રાહદારીએ બોડેલી આરએફઓ જ્યોત્સના બેન રાઠવા ને કરતા જ્યોત્સના બેને તુરંત સમગ્ર મામલે સ્ટાફ માણસોને જાણ કરી બોલાવી ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

ઘટના સ્થળે પહોંચેલી બોડેલી વન વિભાગની ટીમના આરએફઓ જ્યોત્સનાબેન રાઠવા, ફોરેસ્ટર ધવલભાઈ બારીયા, બીટગાર્ડ રમીતાબેન તથા નિકુલ ભાઈ વગેરે મૃતક દીપડાને કોર્ડન કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી સમગ્ર મામલે બોડેલી આરએફઓએ છોટાઉદેપુર DFO રૂપક સોલંકી ને જાણ કરી તેઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ મૃતક દીપડી ના આગળના અને પાછળના પંજાના નખ સલામત છે કે કેમ તે અંગે ચકાસણી કરી હતી.

મૃતક દીપડી ને જરૂરી જવાબ પંચાસ કરી જબુગામ નર્સરી ખાતે લઈ જવામાં આવી હતી અને પંચોની હાજરીમાં ડોક્ટરની ટીમ દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ પંચોની હાજરીમાં જ અગ્નિદાહ અપાયો હતો.

## પાતળીયા હનુમાન મંદિર ખાતે મહામારુતિ યજ્ઞનો ત્રીજો દિવસ પૂર્ણ

પાદરા, તા. 1

પાદરા ખાતે આવેલા પાતળીયા હનુમાન મંદિર ખાતે નવગ્રહાત્મક નવકુંડાત્મક મહામારુતિ યજ્ઞનો ભવ્ય પ્રારંભ તા. ૨૯ માર્ચ ૨૦૨૬થી કરવામાં આવ્યો છે, જે તા. ૨ એપ્રિલ ૨૦૨૬ સુધી પાંચ દિવસ ચાલનાર છે. આજે યજ્ઞનો ત્રીજો દિવસ ધાર્મિક ભાવના અને ભક્તિભાવ સાથે સંપન્ન થયો હતો. ત્રીજા દિવસે યુગલ દ્વારા યજ્ઞવિધિ કરવામાં આવી હતી. બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે અગ્નિ પ્રજ્વલિત કરી યજ્ઞની શરૂઆત કરવામાં આવી હતી. સાથે જ હનુમાનજી મહારાજની પૂજા અર્ચના તથા હનુમાન ચાલીસાના પાઠથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ગત બે દિવસ દરમિયાન પણ મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ યજ્ઞમાં હાજરી આપી પુણ્યનો લાભ લીધો હતો.

બોડેલીમાં હોટલ ધરાવતા હોટલ માલિકોની રજૂઆત

## કોમર્શિયલ LPG ગેસની અછતને લઈ બોડેલી મામલતદારને આવેદનપત્ર આપ્યું



(પ્રતિનિધિ) બોડેલી, તા.1

બોડેલી તાલુકામાં હોટલ માલિકો અને નાના ઉદ્યોગ કારોમાં કોમર્શિયલ LPG ગેસની અછતને ખૂબ જ મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે. જેને લઈ હોટલ માલિકો અને નાના ઉદ્યોગકારોમાં રોષ પણ જોવા મળ્યો છે. હોટલ એસોસિએશન અને ફરસાણ ઉદ્યોગના પ્રતિનિધિઓએ બોડેલી મામલતદારને આવેદન પાઠવી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

બોડેલી નગર માં હોટલ એસોસિએશન તેમજ નાના ગૃહ ફરસાણ ઉદ્યોગો ના પ્રતિનિધિ ઓએ બોડેલી મામલતદાર શેખ સાહેબ ને આવેદન આપ્યું છે. છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં કોમર્શિયલ એલપિજી ગેસ સિલિન્ડરની ભારે અછત સર્જાતા હોટલો, લારીઓ, નાસ્તા સેન્ટરો અને નાના ઉદ્યોગોને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે ગેસની અછતને કારણે વેપારીઓના ધંધા પર સીધી અસર પડી રહી છે. જો ગેસની સમસ્યા વહેલી તકે ઉકેલાશે નહીં તો અનેક હોટલો બંધ થવાની સ્થિતિ ઊભી થઈ શકે છે અને અનેક લોકોના રોજગાર પર અસર પડશે તેવી ચેતવણી સાથે હોટલ માલિકોએ તંત્રને તાત્કાલિક પગલાં લેવા અપીલ કરી છે.

સાવલી તાલુકાના ભાદરવા ગામે રાષ્ટ્રીય સેવક સંઘ દ્વારા આયોજન

## વર્ષ પ્રતિપદા ઉત્સવની ઉજવણીના ભાગરૂપે પથ સંચલન કરવામાં આવ્યુ



(પ્રતિનિધિ) સાવલી, તા.1

સાવલીના ભાદરવા ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાધના ને 100 વર્ષ પૂર્ણ થતા ઉજવણી કરવામાં આવી હતી જેમાં સ્વયંસેવકોના પ્રેરક ડૉ બલિરામ હેડગેવાર જી અને આદ્ય સર સંઘ ચાલક ને પ્રણામ કરવાનો અને શ્રધ્ધાંજલી અર્પણ કરવાનો મુખ્ય હેતુ છે અને આ અમૂલ્ય અવસર પ્રથમ સંઘ ઉત્સવ વર્ષ પ્રતિપ્રદા ઉત્સવ ચૈત્ર સુદ એકમ હિન્દુ વર્ષની ઉજવણી કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા વિભાગ ઘૂમતુ કાર્ય ના વડા ભરતસિંહ સોલંકી ની અધ્યક્ષતા માં શિસ્તબદ્ધ પથ સંચલન યોજાયું હતું. જેમાં દેશભક્તિના નારા સાથે ગામમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

પથ સંચલન બાદ ભારત સિંહ સોલંકી દ્વારા બૌદ્ધિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને વર્ષ પ્રતિપદાનું મહત્વ અને સંસ્કાર અંગે માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો અને સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તા ઓ હાજર રહ્યા હતા.

## શ્રી સિકોતર માતાજીનો નવચંડી યજ્ઞ અને લીલુડો માંડવો યોજાયો



(પ્રતિનિધિ) પાદરા, તા.1

પાદરા તાલુકાના કર્ણાકુવા ગામે સનાતન સમાજના સહકારથી શ્રી સિકોતર માતાજીના સાનિધ્યમાં ભવ્ય ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. સંવત ૨૦૮૨ના ચૈત્ર સુદ ૧૧, તા. ૨૯ માર્ચ ૨૦૨૬, રવિવારના શુભ દિવસે શ્રી સિકોતર માતાજીનો ૧૦મો નવચંડી યજ્ઞ તથા લીલુડો માંડવો વિધિવત્ યોજાયો હતો.

આ પ્રસંગે ઋષિતુલ્ય બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરવામાં આવી હતી. યજ્ઞ દરમિયાન તેત્રીસ કરોડ દેવ-દેવતાઓને સ્મરણ કરી ધાર્મિક માહોલ સર્જાયો હતો. સવારે પૂજાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને સાંજે શ્રીફળ હોમ વિધિ યોજાઈ હતી.

રાત્રિના સમયે લીલુડો માંડવો તથા ધાર્મિક કાર્યક્રમો યોજાતા મોટી સંખ્યામાં ગામજનો અને આસપાસના વિસ્તારોના ભક્તોએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણ છવાયેલું રહ્યું હતું. આ પ્રસંગે બરોડા ડેરી ચેરમેન તથા પૂર્વ ધારાસભ્ય દિનુમામા, દક્ષેશ પટેલ, APMC ના પૂર્વ પ્રમુખ પ્રવિણસિંહ સિંધ તથા સદસ્યો સહિત અનેક અગ્રણીઓ અને સર્વ ગ્રામજનોએ ઉપસ્થિત રહી નવચંડી યજ્ઞ તથા લીલુડા માંડવામાં માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

સાવલી - ઉદલપુર ફોર લેન રોડની કામગીરીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

## 389 કરોડના કામમાં કોન્ટ્રાકટરની ગેરરીતીની તપાસ કરવા કોગ્રેસની માંગ



(પ્રતિનિધિ) સાવલી, તા.1

સાવલી ઉદલપુર રોડ પર બની રહેલ નવીન આશરે 389 કરોડ ની માતબર રકમ ના ખર્ચે બની રહેલ ફોરલાઈન રોડની કામગીરીની ગુણવત્તા પર કોંગી અગ્રણી એ ભ્રષ્ટાચાર ના આક્ષેપો કરીને રોડ ની કામગીરી જવાબદાર અધિકારી ના બદલે માત્ર મજૂરો ને ભરોસે છોડી દેવાનો આક્ષેપ કરવામાં આવતા સનસનાટી મચી જવા પામી છે.

સાવલી પોલીસ ચોકડી થી ઉદલપુર સુધી ફોરલેન નવીન રોડ બની રહ્યો છે રાજ્ય સરકારે 389 કરોડ ની રકમ જમીન સંપાદન સાથે ફાળવણી કરી છે પરંતુ આ રોડ ની કામગીરી દરમિયાન જવાબદાર અધિકારી કે સુપરવિઝન ના અભાવે માત્ર મજૂરો પોતાની આવડતના પ્રમાણે રોડ બનાવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે અને હાલ રોડની નવીનીકરણની કામગીરી પુરજોશ માં ચાલુ છે જેમાં સાવલી નગર મધ્યેથી પસાર થતાં રોડ નું RCC કામ માં ગુણવત્તા અને હલકી કક્ષા નું મટીરીયલ વપરાતું હોવાના પગલે નવીન રોડ માં તિરાડો પડી હોવાનો આક્ષેપ સાવલી પાલિકાના વિરોધ પક્ષ ના નેતા હસુભાઈ પટેલે કરતા રાજકીય ગરમાવો આવી ગયો છે ચોવીસ કલાક ભારે ટ્રાફિક થી ધમધમતો રોડ હાલ ઈજારેદાર માટે દૂધ દેતી ગાય સમાન સાબિત થઈ છે અને ફરીએકવાર જનતા ના નાણાં પાણીમાં જાય તેવા આક્ષેપો થઈ રહ્યા છે.

હસુભાઈ પટેલ ના આક્ષેપ મુજબ સાવલી થી ઉદલપુર નો 38 કિલોમીટર ના રોડ ની કામગીરી ચાલુ છે જેમાં સાવલીના 0 ઝીરો પોઈન્ટ સરદાર પટેલની પ્રતિમા થી ઉદલપુર તરફ અંદાજ 6 કિલોમીટર સિમેન્ટના RCC રોડ ની કરાઈ રહેલી કામગીરી માં હલકીકક્ષાના મટીરીયલ સહિત અનેક આક્ષેપ કર્યો છે જેનો પુરાવો હાલમાં એક સાઈડ ની કામગીરી માં નિર્માણ થયેલ રોડ પર અનેક જગ્યાએ તિરાડો જોવાઈ રહ્યાંછે જે હલકી ગુણવત્તા નું મટીરીયલ વપરાયાનો પુરાવો છે જ્યારે ઈજારદાર એ કામગીરી દર્શાવતું વિજ્ઞપ્તિ બોર્ડ પણ ન દેખાય તેવી જગ્યાએ લગાવ્યુ હોવાનો આક્ષેપ કર્યો છે વધુ માં તેઓએ એ જણાવ્યું છે કે આર એન્ડ બી ના અધિકારીઓ પાસે આ કામના ટેન્ડર અને વર્કઓર્ડર ની કોપી માંગવામાં આવી.

**આરસીસી રોડના લેયરમાં તિરાડો પડવાથી હલકી કક્ષાનું રોડ બન્યાનો વિરોધ ઉઠ્યો**

સાવલી થી ઉદલપુર નવીન બની રહેલ રોડ પર પરથમપુરા અને શિહોરા ગામે મેસરી અને કરડ નદીઓ પર બ્રીજ આવેછે જેની કામગીરી ચાલુ હોય બાજુનો રોડ ભારે ઉબડખાબડ બની ગયો છે સાથે સાથે ઉદલપુર સુધી ના રોડની નવીનીકરણ ની કામગીરી ના ભાગરૂપે નવીન બની રહેલ નાળા ની કામગીરી ની આજુબાજુ સહિત સંપૂર્ણ રોડ મસમોટા ખાડાઓ ના કારણે ખુબજ ખખડધજ હાલતમાં છે સાવલી પોલીસ સ્ટેશન ચોકડી થી પોઇચા ચોકડી સુધી બની રહેલા રસ્તામાં પૂર્વ તરફ નો રોડ બનાવતા હતા તે સમયે કેડ સમાન ખોદાણ કરીને હેવી લેયર પાથર્યા છે છતાં પણ આરસીસી રોડ ના લેયરમાં તિરાડો પડવાથી હલકી કક્ષાનું રોડ બન્યા નો વિરોધ ઉઠ્યો છે.

## ડભોઈમા ઘઉંની ખરીદી શરૂ કરાઇ જેની પધ્ધતિ સામે ખેડૂતોમા નારાજગી જોવા મળી



(પ્રતિનિધિ) ડભોઇ, તા.1

ડભોઈમા ડાંગર પછી ધઉં ના મબલખ પાક નુ ઉત્પાદન થાય છે પણ ખેડૂતોને પોસણક્ષમ ભાવ ન મળતાં નારાજગી જોવા મળી છે કહે છે ડભોઈ એ.પી.એમ.સીમા ખરીદી ન થતાં ખેડૂતોમા નારાજગી જોવા મળે છે ડભોઇ સરકારી અનાજના ગોડાઉન મા ધઉંની ખરીદી કરવામાં આવી રહી છે જેમાં ૨૨૦૦ના ભાવ થી ખરીદી થઇ રહી છે જ્યારે કેટલાક ખેડૂતો ને એના કરતાં પણ ઓછા ભાવે ધઉં ની ખરીદી થઈ રહી છે એક ખેડૂતે નામ ન છાપવા ની શરતે જણાવ્યું છે કે ભંગાર ? ૨૪ કિલો ખરીદાય છે અમારા ધઉંના ભાવ ભંગાર કરતાં પણ ઓછા મળી રહ્યા છે એક વિંધામા બાર તેર હજાર થી વધુ ખર્ચ આવે છે આ ભાવમાં અમારોતો ખર્ચ પણ ના નિકળે સરકાર ખેડૂતોની આવક બમણી કરવાની વાત કરી રહી છે પણ ખેડૂતો ને પોસણક્ષમ ભાવ ન મળતા ખેડૂતના હાલત દયનીય છે ઉપરથી કુદતર કયારે રુઠે એનો ભરોસો નહીં હમણાં કેટલાય ખેડૂતોના ધઉં બહાર છે સરકાર ખેડૂતોને પોસણક્ષમ ભાવ મળે એવી વ્યવસ્થા ગોઠવે તોજ ખેડૂતોની આવક બમણી થાય બાકી ખેડૂતો ઉપરવાળા ના ભરોસે કયા સુધી ટકકર લઈ શકશે ડભોઇ તાલુકાની આર્થિક સ્થિતિ ખેતી આધારિત હોય ધઉંના ભાવ ન મળતા ડભોઇનુ અર્થતંત્ર પણ ખોરવાસેએ નક્કી છે.